# ભારતમાં ઉચ્ચ શિક્ષણ એક અભ્યાસ

**ડૉ.રમેશકુમાર આર.પટેલ**
**આસીસ્ટન્ટ પ્રોફેસર**
**એમ.એમ.ચૌધરી આર્ટસ કોલેજ,રાજેન્દ્રનગર**
**ઇતિહાસ વિભાગ**

ભારતની ઉચ્ચ શિક્ષણ સિસ્ટમ વિશ્વમાં ત્રીજા ક્રમે છે ૧.અમેરિકા ૨.ચીન અને ૩.ભારત.ભારત સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ નું સંચાલન યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દિલ્હી દ્વારા કરવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દિલ્હી ઉચ્ચ શિક્ષણ માટે ધારા ધોરણો નકકી કરી કેન્દ્ર અને રાજયો સાથે સંકલન કરી તેની અમલવારી કરવાનું તેમજ તેના નીતિ નિયમોનું ચોકકસ પાલન થાય તથા ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાને જરૂરી મદદ અને માર્ગદર્શન પુરું પાડવાની કામગીરી કરવામાં આવે છે.

ભારતની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ જેમ કે ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી(આઇઆઇટી)ટેકનોલોજી નેશનલ ઇન્સ્ટિટયુટ (એનઆઇટી)માહિતી ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ(આઇઆઇટીએચ)ભારતીય મેનેજમેન્ટ સંસ્થા(આઇઆઇએમ)માહિતી ટેકનોલોજી ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટયુટ(આઇઆઇટીએચ)મુંબઇ યુનિવર્સિટી અને જવાહરલાલા નેહરું યુનિવર્સિટી વૈશ્વિક કક્ષાના શિક્ષણ માટે પ્રમાણભૂત રીતે વખાણાયેલી છે.આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ક્ષેત્રમાં ભારત હજુ પણ વિશ્વની નામાકીત હાર્વડ,કેમ્બ્રિજ અને ઓકસફોર્ડ યુનિવર્સિટી સાથે નામના ધરાવે છે.

ભારતની યુનિવર્સિટીઓનું મોનીટરીગ માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને રાજય સરકારો દ્વારા નાણાકીય ભંડોળ પુરું પાડવામાં આવે છે.કેન્દ્રીય યુનિવર્સિટી નું સંચાલન કેન્દ્ર સરકાર દ્વારા અને રાજયો ની યુનિવર્સિટીઓનું સુચાલન રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે.આમ કેન્દ્ર અને રાજયોની યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને વિજ્ઞાન,ટેકનોલોજી,કૃષી અને વિનીયન શાખાઓમાં ઉચ્ચ શિક્ષણ આપી સંશોધન તેમજ પીએચડી જેવી ડીગ્રી આપી ઉચ્ચ શિક્ષણ માટે તકો ઉભી કરવામાં આવે છે.ભારતમાં અંડરગ્રેજયુએટ વિજ્ઞાન,કૃષિ,વાણીજય અને માનવતાના અભ્યાસક્રમો પુરા પાડે છે.

**ભારતીય ઉચ્ચ શિક્ષણમાં નીચે મુજબ સુધારાઓની આવશ્યકતા છે.**

- પારદર્શકતા ઉંચા ધારા ધોરણો પર ધ્યાન કેન્દ્રત કરવું.
- વ્યવસાયીક અને મેડીકલ શિક્ષણને સુદઢ અને મજબુત કરવું.
- સંસ્થાકીય જવાબદારીના પ્રયાસોથી શિક્ષણના નવા આયામો શોધવા.

- વિષયની રૂચી પ્રમાણે કળા અને શિક્ષણનો સમન્વય કરી તેના માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા.
- સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટી ને માન્યતા મળતા કેટલીક યુનિવર્સિટી વિદ્યાર્થી પાસેથી નકકી કરેલ ફી કરતાં વધારે ફી વસુલ કરી વિદ્યાર્થીઓનું આર્થિક શોષણ કરવામાં આવે છે તેના ઉપર સરકારે નિયમો કાયદા દ્વારા અંકુશ મુકવો જોઇએ.
- સરકાર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પુરતો સ્ટાફ અને જરૂરી ઇન્ફાસ્ટકચરની વ્યવસ્થા કરવી જોઇએ.
- પરીક્ષા પધ્ધતી દરેક રાજયમાં એક સરખી હોવી વોઇએ.
- સેમીસ્ટર પધ્ધતિમાં ફેરફેર કરી વિદ્યાર્થી તેમજ શિક્ષકને પુરતો સમય આપવો જોઇએ.
- ઉચ્ચ શિક્ષણ નીતી માં સરકારી હસ્તક્ષેપ અને રાજકારણ બંધ થવું જોઇએ.
- પ્રવેશ પ્રક્રીયા પારદર્શક બનાવવી જોઇએ.
- શિક્ષણમાં ગેર રીતી તેમજ ભ્રષ્ટાચાર અટકાવવા સરકારે વિધેયક પસાર કરી કસુરવાર વ્યકિતને કડક માં કડક સજાની જોગવાઇ કરવી જોઇએ.
- શિક્ષકોને સમાન કામ સમાન વેતન ધારા પ્રમાણે યોગ્ય વેતન આપવું જોઇએ.
- ઉચ્ચ શિક્ષણમાં રાખવામાં આવતા કરારઆધારીત,ખંડ સમયના,ફીકસ પગારવાળા અધ્યાપકોને શિક્ષણની ગુણવતા જાળવવા માટે આ પ્રથા બંધ કરી સમાન કામ સમાન વેતન ધારા પ્રમાણે યોગ્ય વેતન આપવું જોઇએ.

ઉચ્ચ શિક્ષણ માટે યુનિવર્સિટી ગ્રન્ટકમીશન દ્વારા નીચે પ્રમાણે એક્રેડિએશન સ્વાયત સંસ્થાઓ દ્વારા શિક્ષણ સબંધી બાબતો પર દેખરેખ રાખવામાં આવે છે.

- ટેકનિકલ શિક્ષણ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ(AICTE)
- ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ(DEC)
- ભારતીય કૃષિ અનુંસંધાન પરિષદ(ICHR)
- ભારતીય બાર કાઉન્સિલ(BCI)
- નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ(NAAC)
- શિક્ષક શિક્ષણ માટે નેશનલ કાઉન્સિલ(NCTE)

- ભારત પુનર્વસન કાઉન્સિલ(RCI)
- ભારત મેડીકલ કાઉન્સિલ(MCI)
- ભારત ફાર્મસી કાઉન્સિલ(PCI)
- ભારતીય નર્સિંગ કાઉન્સિલ(INC)
- ભારત ડેન્ટલ કાઉન્સિલ(DCI)
- હોમીયોપેથી સેન્ટ્રલ કાઉન્સિલ(CCH)
- ભારતીય મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ(CCIM)
- ભારતીય વેટનરી કાઉન્સિલ(VCI)

સંદર્ભ

૧. *www.universityworldnews.com*

૨. *https://en.wikipedia.org.*

૩.Altbach Philip G.,Private Prometheus,Private Higher education and development in the 21 cuntery.1999.

૪.ઉચ્ચ શિક્ષણ ભારત દેશ સારાંશ,વિશ્વ બેન્ક ૨૦૦૯.

૫.ઉચ્ચ શિક્ષણ નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર,ભારત સરકાર,૨૦૧૦.

૬.ભારતની સેન્ટ્રલ યુનિવર્સિટીઓ

૭.ભારતીય ઉચ્ચ શિક્ષણના તાજેતરના આંકડા,૨૦૧૨.

૮. *https://en.ugc.ac.in*

ફોટો ગ્રાફ

| | |
|---|---|
|  |  |
| ટેક્નોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ખડગપુર(IIT) પશ્ચિમ બંગાળ | ટેક્નોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ મુંબઇ(IIT) મહારાષ્ટ્ર |
|  |  |
| ટેક્નોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ અમદાવાદ(IIT) ગુજરાત | ટેક્નોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ કલકતા(IIT) પશ્ચિમ બંગાળ |